**SPCS 312/2022**

**<u>સ્પેશિયલ દિવાની મુકદમા નંબર ૩૧૨/૨૦૨૨ ના કામે આંક–૦૧ લગત હુકમ</u>**

૧) વાદીએ હાલનો દાવો સ્પેશિફીક પરફોમન્સ તથા કાયમી મનાઇ હુકમ માટે પ્રતિવાદીઓ સામે દાખલ કરેલો જે અન્વયે પ્રતિવાદીઓને નોટિસ કાઢતા પ્રતિવાદી નંબર ૧/૧ થી ૧/૬ અને ૨/૧ થી ૨/૬ ની નોટિસો વગર બજે કુડાસણ ગામમાં રહેતા નથી તેવા શેરા સાથે પરત આવેલ છે જે આક ૬થી રજુ છે જ્યારે પ્રતિવાદી નંબર ૩/૧ મરણ ગયેલ છે જ્યારે પ્રતિવાદી નંબર ૩/૨ અને ૩/૬ને નોટિસો બજી ગયેલ છે. જ્યારે પ્રતિવાદી નંબર ૪/૧ થી ૪/૮ કુડાસણ ગામમાં રહેતા નથી તેવા શેરા સાથે પરત આવેલ છે. જ્યારે પ્રતિવાદી નંબર ૫ મરણ ગયેલ છે તેવા શેરા સાથે નોટીસ પરત આવેલ છે. ત્યારબાદ વાદી તરફે પ્રતિવાદી નંબર ૩/૧ તથા પ્રતિવાદી નંબર ૫ ના વારસો રકેર્ડ ઉપર લાવવા તથા બીજા પ્રતિવાદી ન. ૧/૧ થી ૧/૬ અને ૨/૧ થી ૨/૬ના નવા સરનામા રજૂ કરવા મુદત માંગેલી જે મંજૂર કરવામાં આવેલી તેમ છતાં વાદી તરફે પ્ર તિવાદીઓને સમન્સ બજવવા કે મરણ પ્રતિવાદીઓના વારસો લાવવા કોઇ કાર્યવાહી કરેલ નથી. છેલ્લે ૨૫/૦૯/૨૦૨૩ ના રોજ વાદીના વિ. વકીલશ્રી તરફે મુદત અરજી આપવામાં આવેલ જે મંજૂર કરવામાં આવેલ તેમ છતાં ત્યારબાદ ત્યારબાદ વાદી કે તેના વિદવાન વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, છેલ્લા દોઢ ર્વષથી કોઈ પણ જાતની રજૂઆત કરી કોર્ટ દવારા ન્યાયના હિતમાં મુદતો આપવામાં આવેલ છે. આમ, વાદીઓને પૂરતી અને વાજબી તક આપવા છતાં કેસ આગળ ચલવવા કોઈ કાર્યવાહી કરતા ન હોઈ ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામા આવે છે

**<u>::આખરી હુકમ ::</u>**

વાદીનો દાવો પ્રતિવાદીઓના નવા સરનામાના અભાવે દાવો કાઢી નાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૨૨/૦૪/૨૦૨૫
સ્થળ: ગાંધીનગર

**( ધીરેન્દ્રસિંહ જગરૂપસિંહ રાજપુત )**
એડીશનલ સીનીયર સીવીલ જજ,
ગાંધીનગર.
જજ કોડ નંબર જીજે ૦૦૯૫૮